# ગુજરાત યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ સંપન્ન : વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ૪૯ હજાર છાત્રોને પદવી એનાયત

ગાંધીનગર, તા. ૨૯
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત યુનિવર્સિટીના ૭૦મા પદવીદાન સમારોહમાં વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી વિદ્યાર્થીઓને પ્રેરક સંબોધન કરતાં સમયાનુકૂળ આધુનિક શિક્ષા-દીક્ષાના આયુધથી સજ્જ થઈ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની નેમ સાકાર કરવા આહવાન કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે કહ્યું કે આ યુવાનોને મળી રહેલી પદવી કે ડિગ્રી એ માત્ર પ્રમાણપત્ર નથી, પરંતુ ભવિષ્યના ઉજ્જવળ ભારતની અપેક્ષા-આકાંક્ષાનો ઉમ્મીદપત્ર છે.

યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી આ પદવીદાન સમારોહમાં અધ્યક્ષસ્થાને તથા શિક્ષણમંત્રી જિતુભાઈ વાઘાણી, રાજ્યમંત્રી કુબેરભાઈ ડીંડોર વિશેષ અતિથિ તરીકે વર્ચ્યુઅલ પ્લેટફોર્મથી સહભાગી થયા હતા.

આ ૭૦મા પદવીદાન



સમારોહમાં વિવિધ વિદ્યાશાખાના કુલ ૪૯ હજારથી વધુ વિદ્યાર્થીઓને પદવી, પ્રમાણપત્રો તેમ જ ૨૦૦ જેટલા મેડલ્સ અને ૬૨ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યા હતા. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાત યુનિવર્સિટીના ૭૦માં દિક્ષાંત સમારોહમાં પદવી પ્રાપ્ત કરનારા યુવા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આજે દેશને કર્તવ્યપરાયણ યુવાશક્તિની જરૂર છે. સત્યના માર્ગે, પોતાના કર્તવ્ય-ધર્મનું પાલન કરી, પદવીધારક યુવાનો નવા વિચાર, નવા સંકલ્પ અને નૂતન ઈનોવેશન સાથે રાષ્ટ્ર નિર્માણ માટે પ્રવૃત્ત થાય તેવો આગ્રહ પણ રાજ્યપાલશ્રીએ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પદવી મેળવનારા યુવા વિદ્યાર્થીઓને આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે તેમને સમાજજીવનમાં પદાર્પણની જે તક મળી છે, તેને ઉન્નત ભારતના નિર્માણ માટેની પ્રતિબદ્ધતાનો અવસર ગણાવ્યો હતો.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે ૨૧મી સદી જ્ઞાન-વિજ્ઞાનની સદી છે. આ સદી ભારતની સદી છે. માટે યુવાશક્તિએ પોતાનાં શોધ-સંશોધન, સ્ટાર્ટઅપ્સ, ઈનોવેશન વગેરેથી શક્તિશાળી અને જગદગુરુ ભારત બનાવવાની અગ્રેસરતા લેવાની છે.

ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક જ્ઞાનના પ્રવાહો પારખીને ગુજરાતમાં તેમના મુખ્યમંત્રીકાળ દરમિયાન વિવિધ સેક્ટરલ યુનિવર્સિટીની સ્થાપનાથી રાજ્યના યુવાધનને ગ્લોબલ એજ્યુકેશનની તક આપી છે.

# કોરોનાના વળતા પાણી, રાજ્યમાં નવા ૧૧૯૪૭ કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં 33 લોકોના મોત થયા : ગુજરાતમાં કોરોનાના કેસ ઘટ્યા છે પરંતુ મોત વધ્યા છે

ગાંધીનગર, તા.૨૯
રાજ્યમાં રાજ્યમાં કોરોનાના ઓમીક્રોન વેરિયન્ટની એન્ટ્રી વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૧૯૪૭ કેસ નોંધાયા છે. ગુજરાતમાં કોરોનાના કેસ ઘટ્યા છે પરંતુ મોત વધ્યા છે. આજે રાજ્યમાં રેકોર્ડબ્રેક ૩૩ મોત થયા છે. રાજ્યમાં ૨૯મી જાન્યુઆરીના રોજ અમદાવદ શહેરમાં ૩૯૯૦, વડોદરા શહેરમાં ૧૮૧૬, રાજકોટ શહેરમાં ૭૧૬, સુરત શહેરમાં ૫૧૧, વડોદરા જિલ્લામાં ૪૪૧, સુરત જિલ્લામાં ૩૬૮, ગાંધીનગર શહેમરાં ૩૨૬, મહેસાણામાં ૩૧૩, પાટણમાં ૨૮૦, રાજકોટમાં ૨૬૬, કચ્છમાં ૨૬૩, જામનગર શહેરમાં ૨૧૪, ભરૂચમાં ૨૦૭, ભાવનગર શહેરમાં ૨૦૩, બનાસકાંઠામાં ૧૯૧, ગાંધીનગરમાં ૧૬૧, આણંદમાં ૧૫૧, વલસાડમાં ૧૫૧ નવા કેસ નોંધાયા છે. ખેડામાં ૧૪૦, મોરબીમાં ૧૨૧, સાબરકાંઠામાં ૧૨૧, નવસારીમાં ૧૧૬, સુરેન્દ્રનગરમાં ૯૧, જામનગરમાં ૮૮, અમદાવાદ જિલ્લામાં ૭૬, પંચમહાલમાં ૭૫, તાપીમાં ૫૩, મહીસાગરમાં ૪૦, દાહોદ, જૂનાગઢ જિલ્લામાં ૩૯-૩૯, જૂનાગઢ શહેરમાં ૩૩, અમરેલી, ગીરસોમનાથમાં ૩૧-૩૧, ભાવનગરમાં ૨૭, નર્મદામાં ૨૪, દેવભૂમિ દ્વારકામાં ૨૨, છોટાઉદેપુરમાં ૧૬, અરવલ્લીમાં ૧૮૫, ડાંગમાં ૧૨, બોટાદમાં ૧૦, પોરબંદરમાં ૬, કુલ આજે ૧૧૭૯૪ કેસ નોંધાયા છે.

આજે રાજ્યમાં ત્રીજી લહેરના રેકોર્ડ બ્રેક ૩૩ મોત થયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૭, વડોદરા શહેર, રાજકોટ શહેરમાં ૩-૩, સુરત શહેરમાં ૨, સુરત જિલ્લામાં ૩, રાજકોટમાં ૨, આણંદ, વલસાડમાં ૨-૨, ખેડામાં ૧, જામનગર, અમદાવાદ, ભાવનગર અને બોટાદ જિલ્લામાં ૧-૧ મળી અને કુલ ૩૩ દર્દીઓનાં મોત થયા છે.

# રાજ્યમાં ઓફ લાઈન શિક્ષણ શરૂ કરવા રજૂઆત કરાઈ

## મુખ્યમંત્રી સમક્ષ શિક્ષણ નિષ્ણાતોની રજૂઆત : દિલ્હી જો ઓફલાઈન શિક્ષણ શક્ય તો આપણે વાયરસ નિષ્ણાતોના મત જાણીને તે દિશામાં આગળ વધવું જોઈએ

ભાવનગર, તા.૨૯
ગુજરાતમાં પહેલી ફેબ્રુઆરીથી ઓફલાઈન શિક્ષણ નિષ્ણાંતોની સલાહથી ચાલુ કરવાં મુખ્યમંત્રીને શિક્ષણવિદો ડો.આરતી કસ્વેકર (અમદાવાદ), ડો.મહેશ ઠાકર (ભરુચ), તખુભાઈ સાંડસુર (ભાવનગર), ડો.વૈશાલી શાહ (કેળવણી પરિષદ -અમદાવાદ), ડો.વિનુભાઈ પટેલ, સુખદેવ પટેલ (ગણતર), શામજીભાઈ દેસાઈ (પાટણ), નર્મદ ત્રિવેદી (સમન્વય) વગેરેએ મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી છે. તેઓએ એક નિવેદનમાં જણાવ્યું છે કે નિષ્ણાતોના કહેવા મુજબ ત્રીજી લહેર ને પીક પોઈન્ટ ૧૯ જાન્યુઆરી હતો. ત્યાર પછી કેસ ઝડપથી ઘટી રહ્યાં છે અને તે સિલસિલો આજે પણ ચાલુ છે તેથી હવે તેની કોઈ ખાસ અસર જોવા મળતી નથી.તા. ૨૮ -૧-૨૨ ના રોજ સરકારના આંકડા મુજબ કુલ ૧૨૧૦૦ કેસ પૈકીના લગભગ ૮૦૦૦ કેસ મહાનગરોના હતાં.એટલે કે ગ્રામ્યકક્ષાએ આજે સંક્રમણ ૩૦ ટકા જેટલું પણ નથી. તેથી બધાને શિક્ષણથી વંચિત રાખવા યોગ્ય નથી. એટલું જ નહીં કુલ કેસમાંથી બાળકોને થયેલા સંક્રમણના આંકડાઓ ખૂબ ઓછાં છે.પીક સમયમાં આ આંકડો સંક્રમણના ૨% ભાગ જેટલો હતો જે ઘટીને આજે ખૂબ નિમ્નસ્તરે છે.ભારતમાં મહારાષ્ટ્ર, દિલ્હી, હરિયાણા સહિતના રાજ્યોએ ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાનો પ્રારંભ કર્યો છે જ્યાં સૌથી વધારે સંક્રમણ હતું એવું શહેર દિલ્હી જો ઓફલાઈન શિક્ષણ શરૂ કરી શકતું હોય તો આપણે વાયરસ નિષ્ણાંતોના મતને જાણીને તે દિશામાં આગળ વધવું જોઈએ.ત્રીજી લહેર બહુ મોટા પ્રમાણમાં ઘાતક સાબિત થઈ નથી.ગંભીર દર્દીઓની સંખ્યા પણ ફુલ કેસમાંથી ૧૦૭,૦૦૦ માંથી માત્ર ૨૯૮ છે તે ૦.૩૩% છે તે પૈકી બાળકોની સંખ્યા ખૂબ નહિવત હોવાની સંભાવના છે.લગ્ન, સામાજિક મેળાવડાં વગેરે આયોજન પછી પણ બાળકોમાં કોરોના અસર જોવાં મળી નથી. તેથી જલ્દી ઓફલાઈન શિક્ષણ કોરોના ગાઈડ લાઈન સાથે શરું કરવામાં આવે.બોર્ડની જાહેર બોર્ડ પરીક્ષાઓ ૧૫ દિવસ પાછળ લઈ જઈ અભ્યાસક્રમ સરભર કરવો જોઈએ.



### ઈસનપુર મોટા હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટીના જન્મદિને ફ્રુટનું વિતરણ કરાયું

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામે આવેલી માનવ સેવાના વિરાટ વટવૃક્ષ સમી શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલના મુખ્ય દાતા અને હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટી મા.સ્વ.શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલના ૮૦ માં જન્મદિને સંસ્થાના મંત્રી રમેશભાઈ.બી.પટેલ દ્વારા હોસ્પિટલમાં એડમીટ દર્દીઓને ફળફળાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામમાં જીલ્લા પ્રમુખ જયાબેન સંજયજી ઠાકોર દ્વારા પેવર બ્લોક અને સ્ટ્રીટ લાઈટના પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટીંટોડા ગ્રામ પંચાયતના સદસ્યો તથા સરપંચ સહિત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# યુવતી પર હુમલાને લઈને રાધનપુર સજ્જડ બંધ રહ્યું

## વિધર્મી દ્વારા યુવતી પર છરી વડે હુમલાનો ઘેરા પ્રત્યાઘાત : મૌન રેલીમાં બનાસબેંકનાં ચેરમેન અણદાભાઇ પટેલ અને રાધનપુરના પૂર્વ ધારાસભ્ય લવિંગજી ઠાકોર જોડાયા હતા

રાધનપુર, તા.૨૯
ધંધુકા ખાતે થયેલા હત્યાકાંડના આરોપીઓને સજા કરવાની માંગ સાથે ભરવાડ સમાજમાં આક્રોષ છે ત્યાં જ આ મામલે છ્જીની ટીમે પણ ધુંધુકામાં ધામા નાંખ્યા છે. ત્યાં જ રાધનપુરમાં યુવતી પર હુમલાને લઈને હિન્દુ સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. જેને પગલે રાધનપુર સજ્જડ બંધનું એલાન આપવામાં આવ્યું છે. આ દરમિયાન હિન્દુ સમાજ દ્વારા રાધનપુરમાં મૌન રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

જેમા ધંધુકા ખાતે થયેલા હત્યાકાંડના આરોપીઓને સજા કરવાની માંગ સાથે ભરવાડ સમાજ પણ આ રેલીમાં જોડાયો હતો. જણાવી દઈએ કે, રાધનપુર તાલુકાના શેરગઢ ગામે વિધર્મી શખ્સે ચૌધરી સમાજની યુવતી પર તેના ઘરમાં ઘૂસીને છરી વડે હુમલો કર્યો હતો. રાધનપુરના શેરગઢ ગામે ચૌધરી સમાજની યુવતી પર થયેલો હુમલો અને ધંધુકા ખાતે ભરવાડ સમાજના યુવાનના હત્યાકાંડના આરોપીઓને સજા કરવાની માગ મામલે આજે શનિવારે રાધનપુર બંધનું એલાન આપવામાં આવ્યું છે. આ મૌન રેલીમાં બનાસબેંકનાં ચેરમેન અણદાભાઈ પટેલ અને રાધનપુરના પૂર્વ ધારાસભ્ય



લવિંગજી ઠાકોર પણ જોડાયા હતા.

આ સાથે ભરવાડ સમાજ અને અલ્પેશ ઠાકોર સહિત ઠાકોર સમાજના લોકો સહિત ૧૫ હજારથી વધુ લોકો એકઠા થયા છે. જોકે આ દરમિયાન હજારોની સંખ્યામાં એકઠી થયેલી ભીડ બેકાબુ થતાં પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. આ ઘટના અંગે શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, એક યુવાનની હત્યા કરવામાં આવે અને એક યુવતી ઉપર બળજબરી પુર્વક હુમલો કરવામાં આવે ત્યારે આ બન્ને ઘટનાને લઈ જનાક્રોશ ફૂટી નીકળ્યો છે. ગુનેગારોને કડકમાં કડક સજા થવી જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું કે, એક ટીમ બનાવીને સાર્વજનીક રીતે રાજ્યના ગૃહમંત્રીને ફરી એક વખત મળવાની છીએ અને એક ઉદાહરણ રૂપ સજા થાય તેવી માંગ કરીશું. જોકે આ ઘટના અંગે પાટણના એસપી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, યુવતી અને હુમલાખોર આરોપી ઘણા સમયથી પરિચયમાં હતા અને એકતરફી પ્રેમ પ્રકરણ કે પૈસાની લેતીદેતીમાં આ હુમલો કરાયો હોય શકે છે.

# દરગાહ પાછળથી ગુનામાં વપરાયેલ પિસ્તોલ-બાઈક મળ્યું

## કિશન ભરવાડ હત્યા કેસમાં પોલીસને મોટી સફળતા : જેહાદી ષડયંત્રની શંકાના આધારે તપાસ છ્જી દ્વારા કરવામાં આવશે, શાહ આલમમાં સમગ્ર હત્યાનો પ્લાન ઘડાયો

અમદાવાદ, તા.૨૯
કિશન ભરવાડ હત્યા કેસમાં પોલીસને એક મોટી સફળતા હાથ લાગી હોવાની માહિતી મળી રહી છે. સર મુબારકની દરગાહ પાછળથી એક પિસ્તોલ મળી આવી છે. પોલીસે હાલ આ ઘટનામાં ઉપયોગ થયેલ હથિયાર અને બાઈક કબજે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. દરગાહની પાછળથી ખુલ્લા મેદાનમાં હથિયાર મળી આવ્યું છે. આજે ધંધૂકા ફાયરિંગ વીથ મર્ડર કેસમાં યુવકની હત્યાના તાર પાકિસ્તાન સુધી ખૂલ્યા છે. પાકિસ્તાનમાં તહેરિક-એ-નમુસે-રીસાલત નામનું સંગઠન હત્યા માટે જવાબદાર હોવાનુ ખૂલ્યુ છે. પાકિસ્તાનની રાજકીય પાર્ટી સાથે સંગઠનને સીધો સંબંધ છે. તહેરિક-એ-નમુસે-રીસાલત નામના સંગઠનનો સંબંધ પાકિસ્તાનની રાજકીય પાર્ટી સાથે હોવાનું સામે આવ્યુ છે. તહેરિક-એ-લબ્બેકનો નેતા ખાદીમ રિઝવી કટ્ટરવાદી હતો. ખાદીમ રિઝવી રાજકીય હત્યાઓ કરાવવાનું કામ કરતો હતો. ખાદીમની પાર્ટી ખતરનાક એજન્ડા સાથે કામ કરે છે. ધંધૂકાના કિશન ભરવાડની હત્યા કેસના તાર છેક પાકિસ્તાન સુધી લંબાયા છે. આ સંસ્થા ગુજરાતમાં જેહાદ માટે પાકિસ્તાની એજન્ડા પર કામ કરે છે. તહેરિક-એ-નમુસે-રીસાલત નામનું સંગઠન હત્યા માટે જવાબદાર છે. આ સંગઠન પહેલા તહેરિક-એ-ફરૌખે-ઈસ્લામના નામથી ઓળખાતું હતું. આ સંગઠનનોનો સીધો સંબંધ પાકિસ્તાનની રાજકીય પાર્ટી સાથે છે.

પાકિસ્તાનની પોલિટિકલ પાર્ટી તહરિકે-લબ્બેક સાથે તેને સંબંધ છે. તહેરિક-એ-લબ્બેકનો નેતા ખાદીમ રિઝવી કટ્ટરવાદી હતો, અને ખાદીમ રિઝવીનું કામ રાજકીય હત્યાઓ કરાવવાનું છે. ખાદીમની પાર્ટી ખતરનાક એજન્ડા સાથે કામ કરે છે. ભારતમાં હવે બરલવી આતંકવાદનો ઘુસાડવાનું ષડયંત્ર ચલાવવાનું કામ ચાલે છે. ધંધૂકામાં યુવકની જાહેરમાં હત્યા કરી દેવાના બનાવ બાદ આ સમગ્ર પ્રકરણમાં આરોપીઓને અન્ય ધર્મ વિરુદ્ધ ભડકાવવા સુધીની વિગતો પોલીસ સામે આવી છે. આરોપીઓએ પાકિસ્તાન સ્થિત સંગઠનનાં ભડકાઉ ભાષણો સાંભળ્યા બાદ અમદાવાદ અને મુંબઈના મૌલાનાઓની થયેલી મીટિંગના સંદર્ભમાં હત્યા કરવાનું નકકી કર્યું હતું. અમદાવાદના શાહ આલમમાં સમગ્ર હત્યાનો પ્લાન ઘડાયો હતો.


### કંપની સમાચાર
### વેદાંત ફેશન્સ લિમિટેડનો આઈપીઓ ચોથી ફેબ્રુઆરીએ ખુલશે

વેદાંત ફેશન્સ લિમિટેડ (''વીએફએલ'' અથવા ''કંપની'') ૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ એનો આઈપીઓ (''ઓફર'') લાવશે. એંકર રોકાણકારના બિડિંગની તારીખ ૩ ફેબ્રુઆરી, ૨૦૨૨ને ગુરુવાર હશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ રૂ.૧ ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૨૪ થી રૂ. ૮૬૬ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૧૭ ઈક્વિટી શેર અને પછી ૧૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફરમાં કંપનીના રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા ૩૬,૩૬૪,૮૩૮ ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર્સ'') સામેલ છે, જેમાં ૩૬,૩૬૪,૮૩૮ ઈક્વિટી શેર (''ઓફર થયેલા શેર્સ'')ના વેચાણ માટેની ઓફર, રહાઈન હોલ્ડિંગ્સ લિમિટેડ દ્વારા ૧૭,૪૫૯,૩૯૨ ઈક્વિટી શેર, કેદારા કેપિટલ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ -કેદારા કેપિટલ એઆઈએફ ૧ દ્વારા ૭૨૩,૦૧૪ ઈક્વિટી શેર અને રવિ મોદી ફેમિલી ટ્રસ્ટ (એના ટ્રસ્ટી, મોદી ફિડ્યુશિયરી સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સક્રિય) દ્વારા ૧૮,૧૮૨,૪૩૨ ઈક્વિટી શેર સામેલ છે (સંયુક્તપણે ''વિક્રેતા શેરધારકો'').

આ ઓફરમાં ઓફર થયેલા ઈક્વિટી શેર બીએસઈ લિમિટેડ (''બીએસઈ'') અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (''એનએસઈ'', બીએસઈ સાથે સંયુક્તપણે ''સ્ટોક એક્સચેન્જીસ'') પર લિસ્ટ થશે.


### ઉજવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ
છેલ્લા બે અઠવાડિયામાં પ્રદર્શનકારીઓ વિરુર્ધ નોંધાયેલા કેસોને તત્કાળ પાછા ખેંચવા કે શહીદોના પરિવારોને વળતર ( આંદોલન દરમિયાન જે માર્યા ગયા) પર કોઈ કાર્યવાહી કરાઈ નથી. સરકારે એમએસપી મુદ્દે કમિટી બનાવવાની પણ જાહેરાત કરી નથી. આથી દેશભરના ખેડૂતોને વિશ્વાસઘાત દિવસના માધ્યમથી સરકારને પોતાનો ગુસ્સો વ્યક્ત કરવાનું આહ્વાન કરાયું છે. એસકેએમએ એ પણ સ્પષ્ટ કર્યું કે મિશન ઉત્તર પ્રદેશ ચાલુ રહેશે. જેના માધ્યમથી આ ખેડૂત વિરોધી શાસનને પાઠ ભણાવવામાં આવશે. એસકેએમએ કહ્યું કે, ઉત્તર પ્રદેશના લોકોને અજય મિશ્રા ટેનીને બરખાસ્ત નહીં કરવા અને ધરપકડ નહીં કરવા બદલ ભાજપને પાઠ ભણાવવા માટે આહ્વાન કરાશે.

### લાઈટના થાંભલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વિવિધ કાર્યયોજનાઓ સંદર્ભે કામ શરૂ કરી દેવાયુ છે. પરંતુ શહેરમાં સ્ટ્રીટ લાઈટોની દશા સાડા ચાર દાયકાના અંતે હજુ એવી જ છે. સ્ટ્રીટ લાઈટના કટાયેલા અને કંગાળ પોલ્સ શહેરની સુંદરતાને ઠેસ પહોંચાડી રહ્યા છે. સેકટરોમાં વિજથાંભલાઓ જબુકતા રહે અને લાઈટ બીલની પણ બચત થાય તેવા આશયથી સ્ટ્રીટ લાઈટના થાંભલામાં એલ ઈ ડી લાઈટ મુકવામાં આવી હતી. જયારે આ પોલ્સના ઉપયોગના લીધે સેકટરોના માર્ગો પર યોગ્ય અજવાળુ પથરાતુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. પરંતુ હાલ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા અનેક સમસ્યાઓથી ઘેરાયેલા છે. લટકતા વૃક્ષોની તોતિંગ ડાળીઓના સેકટરોમાં લાઈટીંગ પોલ્સ માટે આડશ બની રહી છે. બીજીતરફ કેટલાક થાંભલા ખુલ્લી અને જોખમી હાલતમાં છે. મહીનાના પ્રારંભે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્રએ તડામાર તૈયારીઓ શરૂ કરી હતી આ દરમિયાન મહાનુભાવોના રૂટમાં સ્થિત લાઈટીંગ પોલ્સને સુશોભિત કરવા માટે પણ રંગરોગાન શરૂ કરવામા આવ્યુ હતુ પરંતુ વાઈબ્રન્ટ સિવાયના રૂટમાં અલબત્ત સેકટરોમાં સ્ટ્રીટ લાઈટોના થાંભલાની દશા અત્યંત ખરાબ છે. કલરકામના અભાવે કટાયેલા પોલ્સ કેટલાક ઠેકાણે નમી પડેલી અને જોખમી હાલતમાં છે. આમછતા આ પોલ્સને દુર કરવા માટે કાઈ આયોજન કરવામાં આવતુ નથી મોટાભાગના ઠેકાણે સાડા ચાર દાયકા જુના થાંભલા બદલવાની અનિવાર્યતા છે. પરંતુ સેકટરોમાં આ મામલે કોઈ આયોજન કરવામાં આવતુ નથી. શહેરના સે-૧૬ માં પણ નમી પડેલા સ્ટ્રીટ લાઈટના થાંભલાના લીધે રાહદારીઓ માથે જોખમ ઉભુ થયુ છે. આ પ્રકારના જોખમી પોલ્સ ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. તંત્ર કક્ષાએથી ત્વરિત આ જોખમી થાંભલા દુર કરી નવા પોલ્સ નાંખવા માટે કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

### સંચાલન કર્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેપોમાંથી ૬૩૭૯૨૫૪ કીલોમીટરના રૂટમાં બસોનુ સંચાલન કરવામાં આવ્યુ હતુ. જયારે વર્ષ ૨૦૨૧ માં ૮૬૦૦૬૭૨ કીલોમીટરના રૂટમાં બસો દોડી છે. અલબત્ત ગત વર્ષની સાપેક્ષમાં એસ ટી બસના સંચાલનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. કોરોના કાળ બાદ એસ ટી બસના પૈડા ટ્રેક પર ચઢી જતા ગાંધીનગર ડેપોની આવક પણ વધી છે. બસના રૂટોના સંચાલન મુજબ આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જો કે શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ પધ્ધતિના લીધે વિદ્યાર્થી પાસ યોજનાની આવક ઘટી છે. એસ ટી ડેપોમાં મુસાફરોની સંખ્યા વિશેષ છે. પ્રતિદિન હજારો મુસાફરો સલાતમ સવારીનો લાભ લે છે ત્યારે એસ ટી ડેપોને પણ સુવિધાયુક્ત બનાવાવા તેમજ મુસાફરોની સલામતી માટે પણ અસરકારક પગલા લેવાય તેવી પ્રબળ લાગણી પ્રવર્તી છે.

### ઠંડીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ
વિચિત્ર મિજાજથી તોબા પોકારી ગયા છે. જયારે હવામાન તજજ્ઞોનાના જણાંવ્યા મુજબ હજુ પણ આગામી દિવસોમાં વાાતવરણ પલ્ટો વારંવાર જોવા મળશે વાતાવરણ પલ્ટાના અંતે ઠંડીનુ જોર વધે છે. જેના લીધે મોસમમાં નાટયાત્મક પલ્ટા સાથે ઠંડી વધુ આક્રમક બનતા કોલ્ડવેવનુ મોજુ ફરી વળે છે. ત્યારે આગામી દિવસોમાં પણ આ મુજબ ઠંડીનો પ્રકોપ છવાયેલો રહે તેવી સંભાવના છે. છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો મિજાજ એકધારો યથાવત છે. જેના લીધે કોલ્ડવેવનુ જોર પણ બેવડાયુ છે. જો કે દિવસનુ તાપમાન ઉંચકાતા દિવસે ઠંડીમાં થોડી રાહત થઈ છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૨૬ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે દિવસના તાપમાનમાં ત્રણ ડીગ્રીનો વધારો થતા મહત્તમ તાપમાન ૨૯ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જયારે ગઈકાલની સાપેક્ષમાં ઠંડી પણ યથાવત રહી હતી. લઘુત્તમ તાપમાન ૭.૯ ડીગ્રી રહ્યુ હતુ. વાતવરણમાં ભેજનુ પ્રમાણ પણ એકધારુ રહે છે. શહેરીજનો લાંબા સમયથી કોલ્ડવેવથી પ્રભાવિત છે. ત્યારે હવે ઠંડીનો પ્રકોપ ઓછો થાય તેવી આશ સેવી રહ્યા છે.

### ૧૬૧ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ
ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ કે તેથી ઓછી વયના ૭ દર્દીઓ સંક્રમિત થયા છે. રૂપાલમાં ૪ વર્ષનો દિકરો, ઉવારસદમાં ૬ વર્ષની દિકરી, કલોલમાં ૬ વર્ષની દિકરી, પડુસ્માંમાં ૭ વર્ષનો દિકરો, બોરૂમાં ૩ વર્ષનો દિકરો, બદપુરામાં ૨ વર્ષની દિકરી, મંડાલીમાં ૧૦ વર્ષનો દિકરો સંક્રમિત થયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૧૫, ગાંધીનગરમાં ૬૩, કલોલમાં ૬૨, માણસામાં ૨૧ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકામાં કમલ બંધ વાસણા, હરસોલી, ધનસુરા, રખિયાલ, વાસણા ચૌધરી, હાલીસામાંથી કેસો મળવા ઉપરાંત દહેગામ શહેરમાંથી ૩ અને મોટા જલુન્દ્રામાંથી ૨ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં સરઢવમાં ૩, સાદરામાં ૩, સીઆરપીએફમાં ૪, બી.એસ.એફ.માં ૨, છાલામાં ૩, રૂપાલમાં ૯, વાસણામાં ૩, ઉનાવામાં ૨, અડાલજમાં ૯, શેરથામાં ૪ કેસ નોંધાયા છે. આ ઉપરાંત દોલારાણા વાસણા, લેકાવાડા, વાસણા રાઠોડ, ચેખલારાણી, માધવગઢ, લવારપુર, શાહપુર, ગિયોડ, સોનીપુર, મગોડી, ઈસનપુર મોટા, રાયપુર તેમજ મુબારકપુરમાંથી પણ કેસ મળ્યા છે.

કલોલ તાલુકામાં આજે ૬૨ કેસ મળ્યા છે. જેમાં કલોલ શહેરમાં ૨૬, ભોંયણમાં ૧૫, સાંતેજમાં ૩, ધાનજ અને શાંતિગ્રામમાં ૨-૨, હાજીપુરમાં ૪ કેસ, બોરીસણામાં ૩ કેસ ઉપરાંત પલસાણા, કરોલી, ખાત્રજ, વાંસજડા, શેરીસા, પલિયડ, નારદીપુર, છત્રાલ અને ઈસંડમાંથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં માણસા અર્બનમાંથી ૪ અને અલુવામાંથી ૪ ઉપરાંત ચરાડા, પડુસ્મા, પરબતપુરા, પાટનાકુવા, બોરૂ, અંબોડ, લોદરા, રાંચરડા, અમરાપુર, બદપુરા, મકાખાડ અને મંડાલીમાંથી પણ કેસો મળ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સંક્રમણ પ્રસરી રહ્યુ છે. જો કે રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ આજે ૩૦૦ જેટલા દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૩૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગ્રામ્યવિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવામાં આવે તેમજ સઘન સર્વેલન્સ કરી ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવાની સૂચના આપવામાં આવી છે.

### ટાટાને

● અનુસંધાન પહેલાનું ચાલુ
કે, તેઓ ટાટા ગ્રૂપની ત્રણે એરલાઈનને પ્રોફિટમાં લાવવાનો ચમત્કાર કેવી રીતે કરશે કારણકે એર ઈન્ડીયાનો માર્ચ મહિનાના અંત સુધીમાં લોસ ૮૩૦૦૦ કરોડ, એર એશિયાનો ૧૫૩૨ કરોડ અને વિસ્તારાનો ૧૬૧૨ કરોડ રુપિયા લોસ હતો.ટાટા ગ્રૂપને સૌથી મોટો ખર્ચ નવા વિમાનો ખરીદવા માટે કરો પડશે.સરકાર સાથે ડીલ પ્રમાણે એર ઈન્ડિયાના હાલના કર્મચારીઓને ઓછામાં ઓછુ એક વર્ષ માટે નોકરી પર પણ રાખવાના છે.આ સંખ્યા ૧૨૦૦૦ જેલી થવા જાય છે.

### જાસૂસી સોફ્ટવેર

● અનુસંધાન પહેલાનું ચાલુ
વિશ્વમાં છાનામાના મોનિટરીંગ માટે ઉપયોગ કરવામાં આવ્યો. મેક્સિકોએ પત્રકારો અને સરકારના વિરોધીઓ પર નજર રાખવા માટે તેનો ઉપયોગ કર્યો જ્યારે સાઉદી અરેબિયાએ તેના દ્વારા મહિલા અધિકાર કાર્યકરો અને પત્રકાર જમાલ ખશોગીની જાસૂસી કરી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ઈઝરાયલના સંરક્ષણ મંત્રાલયે જે દેશોમાં પેગાસસના ઉપયોગની મંજૂરી આપી હતી તેમાં પોલેન્ડ, હંગેરી અને ભારતની સાથે અન્ય કેટલાક દેશો પણ સામેલ હતા. સમાચાર પત્ર દ્વારા કરવામાં આવેલા દાવા પ્રમાણે જુલાઈ ૨૦૧૭માં જ્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયલ પહોંચ્યા હતા ત્યારે તેમનો સંદેશો સ્પષ્ટ હતો કે, ભારત હવે પોતાના પેલેસ્ટાઈન માટે પ્રતિબદ્ધતાના જૂના વલણમાં ફેરફાર કરી રહ્યું છે.